# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




મહેલ છોડી શાંતિથી, ગૌતમ બુદ્ધ થઇ ગયા,
સંસ્કારે, વર્ધમાન મહાવીર શુદ્ધ થઇ ગયા!
વૃદ્ધ થઇ ગયા પછી આમે ય આવે છે સંયમ -
કરોડો વહાવી 'ભંવર' માં એ મુગ્ધ થઇ ગયા!
(કરોડો એકત્ર કરવામાં કર્મ તો
બાંધ્યા જ હશે ને?!)




મંચ પર હું,
દૂરદર્શનમાં હું
રેડીયો માં હું..
(બહુ-રૂપી-નેતા)

સારા દા'ડામાં
થઇ કસુવાવડ -
સર્વિસ ટેક્ષ
(વિકાસનું એબોર્શન)

## ચિંતન

**પ્રથમે નાર્જિતા વિદ્યા દ્વિતીયે નાર્જિતં ધનં । તૃતીયે નાર્જિતં પુણ્યં ચતુર્થે કિં કરિષ્યતિ ? ॥**

પહેલી અવસ્થા (બ્રહ્મચર્ય આશ્રમનાં પ્રથમ પચ્ચીસ વર્ષ)માં જો વિદ્યા-શિક્ષણ પ્રાપ્ત ન કર્યું, અને બીજી અવસ્થામાં (ગૃહસ્થાશ્રમના પચ્ચીસ) વર્ષમાં સંસારની અભિવૃદ્ધિ અને ધન ન કમાયું, એ વાનપ્રસ્થના ત્રીજા પચ્ચીસ વર્ષ - ત્રીજી અવસ્થામાં પુણ્ય એકત્ર ન કર્યું, તો કવિ પંડિત ચિંતા કરે છે ચોથી અવસ્થા સન્યાસ આશ્રમના વર્ષોમાં (પચ્ચીસ વર્ષમાં) જયારે મૃત્યુ આવશે ત્યારે તું શું કરીશ?

ઘણાં માણસોને જીવનનું ધ્યેય - હેતુ અને મહત્ત્વની જ ખબર નથી હોતી પશુઓની માફક એની દિનચર્યા ખાવા-પીવાથી શરુઆત થાય અને ઠાકે તો આરામ કરી લે ન કોઇ વિચાર કે વિકલ્પ, ચિંતા કે ચિંતન માત્ર સ્વાદ અને ઇન્દ્રિય ઉપભોગ - પ્રાણીઓએ તો ભોગવૃત્તિ માત્ર અમુક ઋતુ પૂરતી મર્યાદિત મૂકી છે (મર્યાદા નથી રાખી.)

જીવન ધર્મ-સત્ય-કર્મનિષ્ઠા સાથે આત્મશ્રેય સાથે સમાજનું શ્રેય પણ વિચારવું જોઇએ આપણ ઋષિમુનિઓએ આના માટે સો વર્ષના આયુષ્યનું સરખેભાગે ચાર અવસ્થામાં વિસર્જન કર્યું છે. એ પ્રમાણે જ જીવવાનું આયોજન કરવું જોઇએ.

## સુવિચાર

- જો ફકીરી મિજાજ રખતે હૈ, વો ઠોકરો પે તાજ રખતે હૈ; જીન કો કલકી ફીકર નહીં વો મુઠ્ઠી મેં ભી આજ રખતે હૈ - નાઝ અંજુમ
- સપનાઓની મોનોપોલી કોઇની નથી, સપના જોવામાં કોઇ ટેક્ષ નથી, સપના જોશો તો કોઇક દિવસ સાકાર કરી શકશો - સ્ટીવ જોબ્સ
- સદાચાર વિના સદ્દવિચાર નથી - ડોંગરેજી મહારાજ
- ઘાયલ થયેલો સિપાઇ ભલે જીત્યો ન હોય છતાં પણ હાર્યો તો ન જ ગણાય - હરકિસન મહેતા
- પરિસ્થિતિ પલટાઇ જાય ત્યારે ન ગમતો માણસ પણ ગમવા લાગે છે - જાપાની કહેવત
- માણસે કરેલું કપટ તેનો પીછો કદી છોડતું નથી - અમૃતા પ્રિતમ
- મનની શુદ્ધિ વિના મનની ભ્રમણામાંથી છૂટી શકાતું નથી - મકરંદ દવે

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

વિશ્વના ઘણા નાના દેશો પણ વિશ્વની રમતોત્સવમાં આપણા દેશથી સારો દેખાવ કરે છે અને ચંદ્રકો મેળવે છે. આપણા દેશમાં શાળાઓથી કરી રમતગમતની સંસ્થાઓનું ધ્યેય દેશ માટે સંસ્થા માટે લગભગ હોતું નથી માત્ર વ્યક્તિગત કારકિર્દી માટેનું ધ્યેય અને દ્રષ્ટિ હોય છે. એમાંય ક્રિકેટ તો ખેલદિલીનો 'દાટ' વાળ્યો છે અને એમાંય જુગાર-સટ્ટાની બદીઓ સર્વનાશ નોંતર્યો છે.

હોંગકોંગના જાણીતા બેરીસ્ટર માર્ટિલ લી શાળાજીવનમાં સારા ફૂટબોલ પ્લેયર હતા તેમના જીવનનો નાનપણનો એક પ્રસંગ લખે છે :

સ્કૂલની ફૂટબોલની મેચ હતી. 'ફાઇનલ' ગેમ હતી. કોચે ખૂબ જ સુંદર તાલીમ આપી હતી. મેચ જીતવી જરુરી હતી. મેચ શરુ થતાં પહેલાં કોચે કહ્યું, 'તમે કલ્પના કરો કે આ મેચ પૂરી થશે પછી તરત તમારું મૃત્યુ નિશ્ચિત જ છે, તો તમારી અંતિમ ઇચ્છા શું હોઇ શકે?'

એક ખેલાડીએ, કહ્યું, 'હું મારી માને ફોન કરું...'

બીજો ખેલાડી કહે, એ તો કુદરતી જ છે કે મારે ઇશ્વરની પ્રાર્થના કરવી જોઇએ.

ત્રીજો કહે, હું ઇશ્વર પાસે અત્યાર સુધી મારાથી થયેલી ભૂલો અને પાપોની ક્ષમા માંગુ..

કોચના ચહેરા પર નિરાશા ઉપસી આવી. રેફ્રીએ મેચ શરુ થવાના સંકેત સ્વરુપે વ્હીસલ વગાડી. એક ખેલાડીએ પૂછ્યું, સર, તમે હો તો શું કરો?

કોચ કહે, આ મેચ જીતાડવા માટે હું ઇશ્વરને પ્રાર્થના કરું, ખેલાડીનું ધ્યેય માત્ર ને માત્ર જીતવાનું જ હોવું જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# કલાસિક કવ્વાલી..!! યે ઇશ્ક ઇશ્ક હૈ, ઇશ્ક ઇશ્ક, યે ઇશ્ક ઇશ્ક હૈ..!!

## અલ્લાહ ઔર રસૂલ કા ફરમાન ઇશ્ક હૈ, યાનિ હદિસ ઇશ્ક હૈ, કુરાન ઇશ્ક હૈ, ગૌતમ ઔર મસીહા અરમાન ઇશ્ક હૈ, યે કાયનાદ જિસ્મ હૈ, ઔર જાન ઇશ્ક હૈ

'બરસાત કી રાત' ફિલ્મની કવ્વાલી... 'ના તો કારવાં કી તલાશ હૈ, ના તો હમસફર કી તલાશ હૈ, મેરે શૌક-એ ખરાબ કો, તેને રેહગુજર કી તલાશ હૈ' ...પુરી ૧૨ મિનિટ ૫૪ સેકન્ડની કલાસિક કવ્વાલી. એકવાર જો સાંભળી લીધી તો આખો દિવસ એની મગજ પર ધૂન સવાર થઇ જાય...

ક્રિશ્ચિયનના જેનેસિસમાં પ્રલય અને નોહાના એક નૌકાની કથા છે. પ્રભુની આજ્ઞાથી નોહા અને નૌકા બનાવે છે, એમાં બધાં જ પ્રાણીઓની એક-એક જોડી એ નૌકામાં બેસાડે છે અને એમને વિશ્વના પ્રલયથી બચાવે છે, એવો એ કથાનો આશય છે. આપણી સૃષ્ટિને બચાવી રાખવા પ્રલય સામે ટક્કર લેવાનો એક મહત્ત્વનો સંદેશ આપી જાય છે...

નોહાના નૌકાનું રૂપક જો હિન્દી ફિલ્મ સંગીત સૃષ્ટિ માટે વિચારવામાં આવે તો? કલ્પનામાં રાચવાની આ રમતમાં પસંદગી કરવી બહુ અઘરી છે. પણ આટલાં બધાં ગીતોમાંથી એકદમ આવશ્યક, સુંદર અને સંગ્રહી રાખવા યોગ્ય વિશેષણોને સાર્થક કરે એવાં ગીતોની પસંદગી કરવી સાચ્ચે જ સહેલી નથી. પણ એક વાત એટલી જ સાચી કે જેમની પસંદગી માટે બહુ વાદ-વિવાદ નહીં થાય એવા કેટલાંક અનમોલ રતન જેવાં ગીતોમાં ૧૯૬૦માં આવેલી 'બરસાદ કી રાત'ની કવ્વાલી 'યે ઇશ્ક ઇશ્ક હૈ, ઇશ્ક ઇશ્ક' કવ્વાલી અવશ્ય આવે, આવે અને આવે જ...




આ કવ્વાલી ખરેખર તો ઘણાં અર્થમાં વિચક્ષણ છે. ફિલ્મના એક નાટકીય વળાંક પર એ આવે છે. એક તો બે કવ્વાલ પાર્ટી વચ્ચેનો પ્રતિષ્ઠિત મુકાબલો થવાનો હોવાથી આ કવ્વાલીમાં આવ્હાન, પ્રતિ-આવ્હાન, હાર-જીત વગેરે નાટ્યતત્વ તો છે જ. બીજી તરફ વિખરાયેલા હિરો-હિરોઇન (ભારત ભૂષણ અને મધુબાલા) ભેગા થવાની વાત અને એના કારણે નાટક પર એકતરફી પ્રેમ કરતી કવ્વાલ ચરિત્ર અભિનેત્રી (શ્યામા) નું શોક વિહ્વળ થવું એ પણ આ કવ્વાલી દરમિયાન દૃશ્યમાન થાય છે...

આ બધું ચાલતું હોય એટલામાં ત્રીજા ફણગા જેવું હિરોઇનનો બાપ અકળાઇને પિસ્તોલ લઇને આ પ્રેમને ખતમ કરવા નીકળે છે. એટલે ફિલ્મની વાર્તામાં કવ્વાલી કંટાળાજનકની જગ્યાએ કથાને એના ચરમબિંદુએ પહોંચાડવામાં સ્વાભાવિક ભાવ ઉપસાવનારી બની રહી છે. કવ્વાલીની ઘણી લાઇનમાં આ વાર્તાના વળાંકોના સૂચક વર્ણન આવ્યાં કરે છે. વિવિધ નાટકીય રુપોને આટલું સહન અને સુંદર ગૂંથીને વાર્તાના કલાઇમેક્સ સુધી પહોંચાડનારી આ સર્વશ્રેષ્ઠ કવ્વાલી છે.

પરદા પર જેટલો મેલોડ્રામા દેખાડ્યો છે એટલો ગીતમાંય છે. સાચ્ચે તો 'યે ઇશ્ક ઇશ્ક હૈ' સાંભળતી વખતે સ્વંત્રત લાગતી કવ્વાલી ખરેખર તો ૧૩ મિનિટની જોઇન્ટ કવ્વાલીનો એક ભાગ છે. 'ના તો કાંરવા કી તલાશ હૈ' થી એની શરુઆત થાય છે અને પછી એકદમ સહજતાથી 'યે ઇશ્ક ઇશ્ક' શરુ થઇ જાય છે... કવ્વાલીનો ઠેકો તો શરુઆતથી જ ડોલાવી દે એવો છે. પણ એમાં આવતાં શાબ્દીક સવાલ-જવાબ, ટકોરાબંધ લાઇન, ઉત્તર-પ્રતિ ઉત્તર આ બધું જ ગમે એવું, અને ઓતપ્રોત થવાય એવું...

પર્શિયન પ્રભાવવાળું ઉર્દુ, બ્રજ ભાષાની હિન્દી અને રાંગડી પંજાબી એવાં ત્રણ વિશિષ્ટ ભાષાઓની મિઠાશ સાથે એનાં લહેકાથી ગીત જામતું જાય. એક જ ગીતમાં 'વહશત એ દિલ', 'રશ્ન ઓ દાર', 'ઇશ્કના પુછો જાતો', 'ગર્મ લહુ વિચ્ચ', 'ડગર પનઘટ કી', 'જાન-અજાન કા ધ્યાન' એવાં કલાસિક શબ્દો અને રચના ત્રૈભાષિક મિશ્રણ તો ભાઇ સાહિર લુધિયાનવી જેવાં સિદ્ધહસ્ત કવિ-ગીતકાર જ કરી શકે.. આનું લિરીક્સ જરાં વાંચી જજો, આલ્લુ-હાલતુંના તો કલ્પના બહારની વસ્તુ છે, એનાં શબ્દો અને ઢાળ માટે સાહિર આપણને મુઠ્ઠી ઊંચેરો ગીતકાર લાગે...

અને સાહિરના શબ્દોને અવાજ આપ્યો મન્નાડે, મોહમ્મદ રફી, આશા ભોંસલે, એસ.ડી. બાતીશ અને સુધા મલ્હોત્રા... મન્નાડેની શાસ્ત્રીય ગાયકી અને રફીની મિઠાશથી આ સૂફી કવ્વાલી એક ભક્તિમય માહોલ સુધી લઇ જાય... 'જબ જબ કિષ્ન કી બંસી બાજી' અને 'બહોત કઠીન હૈ ડગર પનઘટ કી' માં ગાયકોની કમાલ માણવા જેવી છે... આ સુપર ડુપર કવ્વાલીનું સંગીત આપ્યું છે રોશને, રોશને ઘણાં હીટ ગીતો આપ્યાં છે, એમને શાસ્ત્રીય સંગીત આધારીત ફિલ્મ ગીતો સૌથી વધુ અને હીટ આપ્યાં છે...

'બરસાદ કી રાત' ની માત્ર આ કવ્વાલી જ નહીં પણ જિંદગીભર નહીં ભૂલેંગી વો બરસાત કી રાત, ગરજત બરસત સાવન આયો રે અને મેં ને શાયદ તુમ્હેં, ગીતોય રોશનની કલામ જેવાં છે... આ કવ્વાલી ગ્રેટ થવા પાછળ એનાં શબ્દો, સૂર અને નાટ્યના સંપૂર્ણ સંયોગ સાથે હિન્દી ફિલ્મો અને ગીતોમાં પ્રેમની મહત્વતા ગાવા માટે શ્રેષ્ઠ ઉદાહરણ મુક્યું છે.

આ ગીતોની ઉપમા તો જૂઓ.... લૈલા-મજનું, શમ્મા-પરવાના, દિલ-ખંજર, કૃષ્ણ-રાધા, કૃષ્ણ-મીરાં, કૃષ્ણ-વાંસળી, યમુના તટ વગેરે ઉર્દૂ-હિન્દી પ્રેમકાવ્યના બધી જ ઉપમાં એનાં અર્થ સાથે હિન્દુ મિશ્ર સંસ્કૃતિને સહર્ષ રજૂ કરી છે... પ્રેમની મહત્તા ગાવા બધાં જ ગીતો અને ગીતકારને કયાંક પાછળ મુકી દે એવું અલ્લા, રસૂલ, ગૌતમ (બુદ્ધ), મસીહ (ઇસુ), મુસા (મોઝેસ), કૃષ્ણ બધાં જ સામેલ... કુરાન, હદિથ અને ધર્મગ્રંથોનાં દાખલા આપે છે... 'કાયનાતે જિસ્મ હૈ, ઔર જાન ઇશ્ક હૈ' લાઇન તો આપણાં વેદ-ઉપનિષદના પ્રકૃતિ અને પુરુષના અદ્વૈતની યાદ કરાવી દે છે.

પૂર્વ તરફથી વહેતી યમુનાથી લઇ પશ્ચિમમાં આવેલી કોહેતુર (સિનાઇ પર્વતઃ એશિયાઇ ભૂમિનાં બધાં જ ધાર્મિક-સાંસ્કૃતિક પ્રતિમા સૃષ્ટિનો આધાર લઇ કવ્વાલી મુક્તકંઠે અને ઉચ્ચારણથી પ્રેમની મહત્તા ગાઇ છે. પ્રેમને એક ગૂઢ, આધ્યાત્મિક ઊંચાઇ પર લઇ જાય છે. અને એટલે જ કદાચ કવ્વાલીના રુપથી જ નહીં પણ આત્મયતાથી છેક આધુનિક સુફી ગીત બનતું જાય છે. પ્રેમના પાયા પર બધાં સાંસ્કૃતિક બંધનો ફગાવી માત્ર નિર્મળ પ્રેમનું ઝરણું બની રહે છે...

ફિલ્મી ગીતો જે માત્ર કામચલાઉ કે વેચાય એવું ન બનતાં ફિલ્મી વાતાવરણ હોવા છતાં એની વૈવિધ્યતા અને સાંસ્કૃતિક ગહનતા ધરાવતાં ઇશ્ક ઇશ્ક જેવાં ગીતો કોહિનૂર હિરા જેવા બની રહ્યાં છે. હિન્દી ફિલ્મી ગીતો ૬૦ના દસકામાં પણ રોમેન્ટીક લવ સફર બની રહ્યાં હતા એમાં પ્રેમની અલગ જ પરિભાષા, અર્થ, લાગણી, ધ્યાન અવસ્થા સુધી લઇ જાય એવી રચના બની રહી...

ધર્મ, જાત, ગોત્ર, સામાજિક-આર્થિક સ્થાન, કુટુંબ અને પરિવારના કડક નિયમમાં ટકી શકે તો જ સાચો પ્રેમ, એવી વાતો સામે બંડ પોકારતા હિન્દી ફિલ્મી પ્રણય ગીતોએ પરંપરા વિરુદ્ધ જઇને સર્જનશીલ ગીતો આપ્યાં છે. 'યે ઇશ્ક ઇશ્ક હૈ' ગીત આમ તો બળવાખોર ગીત જ છે. જેના નામ નીચે પ્રેમ પર બંધન નાંખવામાં આવે છે એ પ્રભુ પ્રેરીત જ આ પ્રેમ છે એવું એ કહે છે...



હિન્દુ અને મુસલમાન, બ્રાહ્મણ અને શિખ એમનાં રૂપમાંથી અનુભવનારા પરંપરાને ચેલેન્જ આપી છે એટલું જ નહીં 'ખાક કો બુત ઔર બુત કો દેવતા કરતા હૈ ઇશ્ક, ઇંતેહા યે હૈ કે બંદે કો ખુદા કરતા હૈ ઇશ્ક' એવી વ્યક્તિના સર્વોચ્ચ પ્રેમની ગવાહી પણ આપે છે. 'કોહમ?' ની શોધમાં હોય એવાં 'સ્વ'ની પરંપરાને 'અહંબ્રહ્માસ્મિ' એવો જવાબ આપે છે. પ્રેમના માર્ગથી ખૂદા બનવાની આ વિરલ પ્રેમ ઘટનાને વર્ણવતી આ કવ્વાલી એટલે જ તો નોહાની નૌકામાં નિશ્ચિત સ્થાન મેળવી જાય છે!

સંગીતકાર રોશનને 'બરસાદ કી રાત'ના ગીતો બાદ લોકપ્રિયતાને શિખરે બિરાજમાન કરી દીધા. પ્રેમ આધારિત ગીતો માટે ૧૯૬૦ની સાલ તો યાદગાર જ બની રહી. 'બરસાદ કી રાત'ની જેમ જ 'મુઘલ એ આઝમ', 'કોહીનૂર', 'ચૌદવી કા ચાંદ', 'દિલ અપના ઔર પ્રિત પરાઇ' એ ફિલ્મો અને એનાં ગીતો ખૂબ જ લોકપ્રિય બન્યાં... ઇશ્ક ઇશ્ક હૈ જેવાં બીજાં બે બળવાખોર ગીતો. 'ઝિંદાબાદ, ઝિંદાબાદ યે મહોબ્બત ઝિંદાબાદ' અને 'પ્યાર કિયા તો ડરના કયા જબ પ્યાર કિયા...' આ બંને ગીતો યુવાનોમાં છવાયેલાં હતા...

આ ગીતની બે પંક્તિ 'વહસતે દિલ રશ્નો દાસ સે રોકી ના ગઇ, કિસી ખંજર કિસી તલવાર સે રોકી ના ગઇ, ઇશ્ક મજનુ કી વો આવાજ હૈ, જીસ કે આગે કોઇ લેલા દીવાર સે રોકી ના ગઇ, કયું કી યહ ઇશ્ક ઇશ્ક હૈ, ઇશ્ક ઇશ્ક...!!'

**ચૂંટલો :**

આજના મોર્ડન યેરામાં પણ વર્ષે બે-ત્રણ સૂફી ફિલ્મી ગીતો આવે છે અને હીટ પર થાય છે, આ કવ્વાલી યુવાનોએ ખાસ સાંભળવા જેવી છે, બોસ ના ગમે તો મને કહેજો... નાજો અંદાજ સે કહેતે હૈ કી જીના હોગા, જહર ભી દેતે હૈ તો કહતે હૈ કી પીના હોગા. જબ મૈં પિતા હું તો કહેતે હૈ કી મરતા ભી નહીં, જબ મૈં મરતા હું તો કહતે હૈ કી જીના હોગા. યે ઇશ્ક ઇશ્ક હૈ ઇશ્ક ઇશ્ક...

# ભવ્યા સાસુનું આ રૂપ જોઇ અંદર સુધી ભીંજાઇ ગઇ, તેને ગળે વળગીને બોલી - મમ્મી મને તમારા પ્રત્યે કોઇ ફરિયાદ નથી, ખરૂં કહું તો તમારી પાસેથી મને ઘણું શીખવા મળ્યું છે અને હજું ઘણું શીખવાનું બાકી છે...

## નવાં કલેવર

- નટવર હેડાઉ

'આટલી દુનિયાદારી તું સમજે છે તો પછીએ વાત તમે કેમ સમજતી નથી કે આખો દિવસ તું ટોકે છે એ ભવ્યાને ગમતું નહીં હોય. અત્યારે તારા શરીરમાં તાકાત છે હિંમ્મત છે, કાલે જયારે શરીર અશક્ત થઇ જશે... આ છોકરાઓની જરુર પડશે. ત્યારે એ લોકો આપણી સાથે કેવો સંબંદ રાખશે એ આપણા આજના વહેવાર પર નિર્ભર રહેશે. આજની કોઇ એવી વાતની તેમના મનમાં ગાંઠ બંધાઇ જશે તો પાછળથી તકલીફ થશે. દીકરી અને વહુ પ્રત્યે તારું બેવડું વલણ સુમન સારું નથી.'

'બસ... બસ.. તમને શું, તમે મને ઉપદેશ ન આપો. જયારે તમારીમાં મારા પર જાત જાતના બંધનો લાદતાં ત્યારે કેમ રોક્યાં નહીં.' તો શું તું મારી વહુ સાથે એવું જ કરીશ? સુમન, એ અલગ વાતાવરણમાંથી આવી છે. તેને દીકરી સમજી જરા સમય આપ. આમ આખો દિવસ ટોકટોક કરવું અને વધુ પડતી અપેક્ષાઓ રાખવી એ બરાબર નથી. સ્નેહા પ્રત્યેની તારી કોમળ લાગણી ભવ્યા પ્રત્યે આટલી નિષ્ઠુર કેમ થઇ જાય છે એ જ મને તો સમજાતું નથી.'

રમણીકલાલની આ વાતથી સુમનબેન નારાજ થઇ બોલ્યા. 'જો આપણે આપણા ઘરની રીતરસમો નહીં શીખવીએ તો એ તેને અનુરુપ વર્તશે નહીં.' એ માટે તેને સમય આપો. આ રીતે દબાણ કરવું બરાબર નથી. તમારા તરફથી કરવામાં આવતી કડકાઇ અને બંધનો તેના અવચેતન મનમાં વિદ્રોહની ભાવના ભરી દેશે. અત્યારે ભવ્યા અને સંકેત આપણી સાથે છે. તમારા હાથ પગ પણ ચાલે છે. પણ કાલે એવું બનવું ન જોઇએ કે તેમના મનમાં આપણા પ્રત્યે પ્રેમ અને સાચા માન-સન્માનની જગ્યાએ નફરત અને દ્વેષ પ્રવેશી જાય. ભવ્યા અને સ્નેહા બંને કોઇ ઘરની દીકરી અને વહુઓ છે. બંને માટે તારાં તોલમાપ જુદાં શું કામ? દીકરી અને વહુઓ માટે અપનાવાતાં આ બેવડા ધોરણો મને બરાબર લાગતાં નથી. આજે તમે સાસુપણું કરો છો તો કાલે વહુ પાસે દીકરી જેવા વહેવારની અપેક્ષા રાખતાં નહીં. સુમન કોઇને બદલતાં પહેલાં આપણે ખુદ બદલવું પડે.

રમણીકલાલની કડવી વાતોથી નારાજ સુમનબેન બહાર ખુલ્લી હવામાં જતા રહ્યાં. પતિની આવી વાતો સાંભળી તેમને ગુસ્સો આવતો હતો. પોતાની માં આગળ તો બોલતી બંધ થઇ જતી, હવે વહુનો પક્ષ લેવા નીકળ્યા છે... તેવામાં કોઇનો ધીમો અવાજ સાંભળી તેણે પાછું વળીને જોયું. સંકેત અને ભવ્યા એકબીજાનો હાથ હાથમાં લઇ બેઠાં હતા. ભવ્યા કહેતી હતી. 'સંકેત, આ ત્રણ દિવસ મમ્મી મારી સાથે જે રીતે વર્તન કરતાં રહ્યાં તેને હું કોઇ દિવસ ભૂલીશ નહીં.' આવી સાસુ સાથે તો આખી જિંદગી કાઢવી પડે તો પણ મજા પડે.' એમ ભવ્યા એ હસીને કહ્યું એટલે સંકેત પણ હસી પડ્યો.

'સંકેત ખરેખર કહું તો આ દેખાડો હતો, છતાં મમ્મીનું આ રૂપ મેં પહેલીવાર જોયું. મારા હૃદયને એ સ્પર્શી ગયું. એમ લાગતું હતું કે જાણે હું મારી સાસુ પાસે નહીં પણ મારી મમ્મી પાસે પિયરમાં છું.' સંકેતે હોંકારો આપતાં ભવ્યા આગળ બોલી, 'તારી મમ્મી મારી મમ્મી બની જાય તો, અને હું તેમની દીકરી થઇ જાઉં તો કેવું સારું નહીં... જિંદગી કેવી સરળ થઇ જાય.' ભવ્યાના આ શબ્દો તેના મનમાં પડેલ પીડાને જાણે કે વ્યક્ત કરતા હતા. સંકેતે તેને બથમાં લીધી. સુમનબેન સુનમુન બેસી રહ્યાં. પોતાનો કડક વહેવાર કોઇના મનને આટલું દુઃખી કરી દે છે એ પોતે કેમ પામી ન શક્યાં. જીવનના એ જ દૌર અને તનાવ ભર્યા સમયમાંથી પોતે પસાર થયાં હતા.

બીજે દિવસે સુમનબેન ચુપ રહ્યા. આખો દિવસ તેમનું વર્તન સૌ માટે આશ્ચર્યજનક અને સમજ બહારનું રહ્યું.

રાતે ભવ્યા રસોડાનું કામ આટોપીને ઓરડામાં આવી ત્યારે તેને એક પેકેટ દેખાયું. કુતૂહલથી તેને એ ઉપાડ્યું તો એક કાર્ડ નીચે પડ્યું. જેમાં લખ્યું હતું કે 'વ્હાલી વહુ ભવ્યા માટે' પેકેટમાંથી બે જોડ પંજાબી ડ્રેસ નીકળ્યા. તેને આશ્ચર્યથી જોતાં ભવ્યાને એવો આભાસ થયો કે તેના ચહેરાના હાવભાવોને કોઇ વાંચી રહ્યું છે. નજર ઊંચે કરીને જોયું તો સુમનબેન તેની સામે ઊભા હતા. હરખ સાથે પ્રશ્ન વાચક નજરે તેની સામે જોતાં ભવ્યાને તેમણે કહ્યું, 'આવતા અઠવાડિયે તારો જન્મ દિવસ છે. વિચારતી હતી કે શું આપું. ઘણો વિચાર કર્યો પછી નક્કી કર્યું કે મનને શાંતિ મળે એવા સાસુ વહુના સંબંધોની સુંદર વિશ્વાસની ગીફ્ટ તને દઉં.'

ભવ્યાને પ્રશ્નસૂચક નજરે પોતાની સામે જોઇ રહેલી જોઇને પળભર એ અટક્યાં જાણે કે શબ્દો શોધી રહ્યાં ન હોય. પછી બોલ્યાં, 'આ ઘર જેટલું મારું છે એટલું જ તારું પણ છે. મને અનુકૂળ થાય એ રીતે તને ઢાળવાની મારી ઉતાવળમાં મેં જે કડક વલણ અપનાવ્યું એ બરાબર નહોતું. કોશિષ કરીશ કે તને પણ સ્નેહા જેટલો જ પ્રેમ આપી શકું. ભવ્યા સાસુનું આ રૂપ જોઇ અંદર સુધી ભીંજાઇ ગઇ. તેને ગળે વળગીને બોલી 'મમ્મી મને તમારા પ્રત્યે કોઇ ફરિયાદ નથી. ખરું કહું તો તમારી પાસેથી મને ઘણું શીખવા મળ્યું છે અને હજું ઘણું શીખવાનું બાકી છે. તમે નહીં કહો તો કોણ કહેશે. તમારા અને પપ્પાની છત્રછાયામાં અમે બંને ખુબ સુરક્ષિત અને સુખી છીએ.' ભવ્યાનો કંઠ ભરાઇ આવ્યો.

ઓરડાની બહાર ઉભેલ સંકેત અને રમણીકલાલ સાસુવહુના આ વાર્તાલાપથી નિરર્થક તનાવના વાદળો વિખરાવાનો અંદાજ લગાવતાં રાજી થતાં હતા. ત્યાં તેમની આંખોમાં સુમનબેન સમયસર લીધેલ આ નિર્ણય પ્રત્યે અહોભાવ પણ પ્રગટ્યો હતો. કેમ કે સુમનબેને પોતાના આ પગલાંથી એક તરફ ભવ્યાના હૃદયમાં પોતાનું સ્થાન દ્રઢ કર્યું હતું તો બીજી તરફ ભવ્યા એ પણ પોતાની સાસુના દિલમાં વસી જવાનો સંકલ્પ કરી લીધો હતો.

(પૂર્ણ...)

# પ્રેમ મળે તો અમીરી નહીં તો દશા ફકીરી

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

વીસમી સદીની મહાન અંગ્રેજી લેખિકા ડાફ્ન દ મોરિઅર (૧૯૦૭-૧૯૮૯)એ લખ્યું છે કે - જીવનમાં તમને ભલે ચાહો એટલી ખુશી મળે, સુખ-સંપત્તિ અને વૈભવ યા નામના મળે. પરંતુ તમારા જીવનનો એક ખૂણો પ્રેમ વિના હંમેશા ખાલી જ રહે છે. પ્રેમ વિનાનું જીવન તમને જીવતી લાશ બનાવીને રાખે છે.

લેખિકા ડાફ્ન દ મોરિઅરનું અંગ્રેજી સાહિત્યની દુનિયામાં તેનું ચ્ચ સ્થાન રહ્યું છે. તેના વિશેષ સાહિત્યપ્રદાનને ધ્યાનમાં લઇને બ્રિટિશ એમ્પાયર તરફથી તેમને સને ૧૯૬૯માં ડેમ કમાન્ડરની પાધિ આપવામાં આવી હતી જે મહિલાઓ માટે નાઇટહુડ ખિતાબની સમકક્ષ ગણવામાં આવે છે. તેની નવલકથાઓ પરથી અંગ્રેજી ફિલ્મો પણ બની છે. એમાં - રેબેક્કા અને જમૈકા ઇન - મુખ્ય છે. જયારે તેની ટૂંકી વાર્તાઓ પરથી પણ ફિલ્મો બનેલી છે. જેમાંની એક ફિલ્મ - ધ બર્ડઝ એન્ડ ડોન્ટ લૂક નાઉ - ઉલ્લેખનીય છે.

> પ્રેમ તો જીવનનું એક અદ્ભૂત રસાયણ છે, જેને જીવનમાં ખરો એટલે કે બિનશરતીય પ્રેમ મળે એ વ્યક્તિ ન્યાલ થઇ જાય છે અને જેને પ્રેમ મળતો નથી તે ધનવાન હોવા છતાં ભિખારી બનીને જીવી જાય છે

ડાફ્ન દ મોરિઅરનો જન્મ લંડનમાં થયો. તેના દાદા જયોર્જ દ મોરિઅર પણ જાણીતા અંગ્રેજી સાહિત્યકાર હતા. જાણીતા અભિનેતા સર ગેરાલ્ડ દ મોરિઅર અને જાણીતી અભિનેત્રી મુરિએલ બેમોન્ટની દીકરી ડાફ્ન દ મોરિઅર તેનાં મા-બાપનું ત્રણ પુત્રી પૈકી બીજું સંતાન હતી. સંતાનોમાં હંમેશા મા-બાપ પહેલા સંતાનને ખુબ પ્રેમ આપે અને લાડકોડથી ઉછેરતા હોય છે. ભલે એમ કહેવાતું કે મા-બાપ માટે તો દરેક સંતાન સરખું. પરંતુ મોટા ભાગના કિસ્સામાં પહેલું અને પછી છેલ્લું સંતાન મા-બાપના સૌથી વધુ લાડ-પ્યાર પામતું હોય છે.

ડાફ્ન દ મોરિઅર પણ તેનાં મા-બાપનું વચલું સંતાન હતી. સ્વાભાવિકપણે એની સાથે પણ એ જ બન્યું જે મોટા ભાગે બનતું આવે છે. મા-બાપ બેઉ પ્રોફેશનલ કલાકાર હોવાથી દીકરી તરફ ઝાઝું ધ્યાન કે પ્રેમ આપી શક્યાં નહોતાં. પરંતુ લેખનકલા તેને મળેલી ઇશ્વરીય બક્ષિસ હતી. તેના જીવનમાં પણ પ્રેમનો ખુણો હંમેશા ખાલીને ખાલી જ રહેતો ગયો. તેને વન નાઇટ સ્ટેન્ડ માફક કોઇને કોઇની હંગામી પ્રેમ મળતો રહ્યો પરંતુ સાચો પ્રેમ તેના માટે છેક મૃત્યુ સુધી જીવનની એક શોધ યા અદ્રશ્ય ચીજ બનીને જ રહ્યો.

પ્રેમ માટે તરસતી રહેલી લેખિકા ડાફ્ન દ મોરિઅરનો સામાજીક વિદ્રોહ, ભીતરની સંવેદના અને પ્રેમની જીજિવિષા તેનાં વિવિધ સાહિત્યસર્જનમાં પણ વિષયવસ્તુ બનીને છવાતાં ગયાં. પ્રેમ તો જીવનનું એક અદભુત રસાયણ છે. જેને જીવનમાં ખરો એટલે કે બિનશરતીય પ્રેમ મળે એ વ્યક્તિ ન્યાલ થઇ જાય છે અને જેને પ્રેમ મળતો નથી તે ધનવાન હોવા છતા ભિખારી બનીને જીવી જાય છે. જેમાં કોઇને પ્રેમ મળે તો એની દશા યા સ્થિતિ અમીરી જેવી કહેવાય. જયારે પ્રેમ મળ્યો જ ન હોય તેની દશા ફકીરી જ કહેવાય.

પ્રેમનું વરદાન હર કોઇને જીવનમાં મળી જતું નથી. એના માટે જીવ પુણ્યાત્મા હોય એટલે કે નસીબદાર હોય ત્યારે કદાચ પ્રેમ મળતો હશે. અન્યથા તો પ્રેમના નામે ગરજ, મતલબ, સ્વાર્થ, ઇચ્છાપૂર્તિ, લેવડદેવડ યાને ગિવ એન્ડ ટેક અને લોભ-લાલચ ભરેલા સંબંધો જ જોવા મળતા હોય છે.

**સ્ટોપરઃ-**

પ્રેમ હંમેશા ધ્વંગામી બનાવે. પ્રેમ કદીય સ્વાર્થી ન બનાવે.

- આચાર્યશ્રી ભુવનભાનુસૂરિશ્વરજી મ.સા.